રાજયના વિકલાંગ વ્યકિતઓને શિક્ષણ તાલીમ અને
સામુહિક પુનઃસ્થાપન માટે મહર્ષિ અષ્ટાવક્ર સમુદાય
આધારિત વિકલાંગ પુનઃસ્થાપન યોજના હેઠળ
સને. ૨૦૦૩–૦૪ માટે તાલુકાઓની પસંદગી બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–અપગ/૧૦૨૦૦૩/૩૦/છ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૧૮–૧૨–૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ–અપગ/૧૦૯૯/ન.બા.૧/છ. તા.૪/૧/૨૦૦૧.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૧૦/૯/૨૦૦૩નો પત્ર ક્રમાંકઃ–અપગ/૨૬૧/૨૦૦૩.

ઠરાવ :–

આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) આગળ દર્શાવેલ તા.૪/૧/૨૦૦૧ના ઠરાવથી રાજયમાં વિકલાંગ વ્યકિતઓને શિક્ષણ, તાલીમ અને સામુહિક પુનઃસ્થાપન માટે મહર્ષિ અષ્ટાવક્ર યોજના અમલમાં મૂકેલ છે. આ ઠરાવના પેરા–૧ થી રાજયના ૨૨૫ જીલ્લાઓમાં જરુરિયાતના ધોરણે પસંદગી કરીને યોજનાનો અમલ કરવાનું ઠરાવેલ. જે અન્વયે આમુખ (૨) આગળના નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના તા.૧૦/૯/૦૩ના પત્રથી વર્ષ ૨૦૦૩–૦૪માં નવા ૩૩ તાલુકાઓમાં આ યોજનાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે.

સક્રિય વિચારણાના અંતે પરિશિષ્ટ (અ)માં દર્શાવેલ ૩૩ તાલુકાઓમાં આ યોજના નીચેની શરતોએ અમલીકરણમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) મહર્ષિ અષ્ટાવક્ર સમુદાય આધારિત વિકલાંગ પુનઃસ્થાપન યોજના હેઠળ સ્વૈચ્છીક સંસ્થાઓ પબ્લીક ટ્રસ્ટ એકટ અથવા રજિસ્ટ્રેશન ઓફ સોસાયટી એકટ–૧૯૬૦ અન્વયે નોંધાયેલી હોવી જોઈએ.

(૨) વિકલાંગ ધારો–૧૯૯૫ની કલમ–૫૨ હેઠળ સંસ્થાએ માન્યતા મેળવેલ હોવી જોઈએ અને આ માન્યતા માટે નવા નિયમો બનાવ્યા બાદ તેનો અમલ કરવાનો રહેશે.

(૩) સ્વૈચ્છિક સંસ્થાઓ પૈકી જે સંસ્થાઓ વિકલાંગોના વિકાસ પુનઃવસન, શિક્ષણ, આરોગ્ય સાથે સંકળાયેલ હોય તેને અગ્રીમતા આપવામાં આવશે.

//૨//

૨૦૯

224



(૪) સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રવૃત્તિઓનો આશય ધંધાદારી હોવા જોઈએ નહી.
(૫) સંસ્થાને સરકારી ગ્રાન્ટ મળે ત્યાં સુધી પોતાના નાણાંમાંથી પ્રોજેકટ ચલાવી શકે તેવી સધ્ધરતા ધરાવતી સંસ્થાને અગ્રતા આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નંદકિશોર પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ.
—માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
—માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
—નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
—એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
—પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
—સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ,
—સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
—પસંદગી ફાઈલ.

## પરિશિષ્ટ–અ.

વિકલાંગ વ્યકિતઓના સામુહિક પુનઃસ્થાપન માટે મહર્ષિ અષ્ટાવક્ર સમુદાય આધારિત યોજના સન.૨૦૦૩–૦૪ના વર્ષમાં અમલીકરણ કરવા માટેના તાલુકાઓની યાદી. ( ઠરાવ ક્રમાંકઃ– અપગ–૧૩૮૦૦૩/૩૦/છ.૧ તા.૧૮/૧૨/૦૩ સાથેનું બિડાણ )

| અ.નં. | જિલ્લાનું નામ. | | તાલુકાનું નામ | તાલુકાની સંખ્યા. |
|---|---|---|---|---|
| ૧ | સુરત | ૧ | ચોર્યાસી | ૧૪ |
| | | ૨ | ઓલપાડ | |
| | | ૩ | બારડોલી | |
| | | ૪ | પલસાણા | |
| | | ૫ | મહુવા | |
| | | ૬ | વાલોડ | |
| | | ૭ | વ્યારા | |
| | | ૮ | માંડવી | |
| | | ૯ | માંગરોળ | |
| | | ૧૦ | ઉમરપાડા | |
| | | ૧૧ | કામરેજ | |
| | | ૧૨ | ઉચ્છલ | |
| | | ૧૩ | સોનગઢ | |
| | | ૧૪ | નિઝર | |
| ૨ | ડાંગ | ૧ | આહવા | ૦૧ |
| ૩ | વલસાડ | ૧. | વલસાડ | ૦૬ |
| | | ૨ | પાટડી | |
| | | ૩ | પારડી | |
| | | ૪ | ઉમરગામ | |
| | | ૫ | કપરાડા | |
| | | ૬ | ધરમપુર | |
| ૪ | ભાવનગર | ૧ | ઘોઘા | ૦૧ |
| ૫ | જુનાગઢ | ૧ | વંથલી | ૦૨ |
| | | ૨ | વિસાવદર | |

226

// ૨ //

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | નડિયાદ | ૧<br>૨ | મહેમદાવાદ<br>બાલાસિનોર | ૦૨ |
| ૭ | આણંદ | ૧<br>૨ | ખંભાત<br>પેટલાદ | ૦૨ |
| ૮ | ગાંધીનગર | ૧<br>૨ | માણસા<br>દહેગામ | ૦૨ |
| ૯ | મહેસાણા | ૧<br>૨ | વિજાપુર<br>કડી | ૦૨ |
| ૧૦ | પોરબંદર | ૧ | પોરબંદર | ૦૧ |